# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 11-07-2024** **Evenig : 7.10 to 7.20**
**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **રીટા દવે** વાંચે છે.

---

- ગુણવત્તાયુક્ત સેવા અને સુવિધાઓથી અગ્રેસર રહેવા ગુજરાત સજ્જ છે, સંકલ્પ એજન્ડા પરિસંવાદ સત્રમાં મુખ્યમંત્રીનું ઉદબોધન.....
- વનવિભાગ દ્વારા ‘સામાજિક વનીકરણ’ની ચાર નવીન યોજનાઓનો રાજ્યભરમાં પ્રારંભ...
- સર્વોચ્ચ અદાલતે નીટ યુજી પરિક્ષામાં કથિત ગેરરિતી કેસની સુનાવણી 18 જુલાઇ પર મોકૂફ રાખી...
- રાજ્યમાં મોસમનો સરેરાશ 25 ટકાથી વધુ વરસાદઃ સૌથી વધુ 35.44 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં નોંધાયો...
- ગુર્જરીએ 25 કરોડ રૂપિયાથી વધુનાં મૂલ્યની હાથશાળ અને હસ્તકલા ઉત્પાદનોનું વેચાણ કર્યુ- છેલ્લા 50 વર્ષમાં વિક્રમ વેચાણ...

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)
(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- Gunvatta Sankalp Agenda

વિકસિત ભારતનાં વિઝનને સાકાર કરવામાં ગુજરાત ગુણવત્તાયુક્ત સેવા અને સુવિધાઓથી અગ્રેસર રહેવા સજ્જ છે એમ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું.

આજે અમદાવાદમાં ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત ગુજરાત ગુણવત્તા સંકલ્પ એજન્ડા પરિસંવાદ સત્રનો પ્રારંભ કરાવતા તેમણે જણાવ્યું હતું કે, દરેક યોજનાઓનો લાભ તમામ લાભાર્થી સુધી પહોંચે તે સરકારે સુનિશ્ચિત કર્યું છે અને આ યોજનામાં ગુણવત્તા જોડાય છે ત્યારે લોકોનું જીવન ધોરણ સરળ બને છે.

મુખ્યમંત્રીએ વધુમાં આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- સીએમ)**

ગુજરાત વિકાસનું રોલ મોડલ અને ભવિષ્યનું પ્રવેશદ્વારા બન્યું છે અને તેને હજુ ઝડપી ગતિથી આગળ ધપાવવા વિકસિત ગુજરાત AT ૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે એમ પણ તેમણે જણાવ્યું હતું.

# SAMAJIK VANIKARAN YOJNA

રાજ્યને વધુ હરિયાળું બનાવવાના સંકલ્પ સાથે વનવિભાગ દ્વારા સામાજિક વનીકરણ'ની ચાર નવીન યોજનાઓનો રાજ્યભરમાં પ્રારંભ કરાયો. આ ચાર નવીન યોજનાઓમાં હરીત વન પથ વાવેતર, પંચરત્ન ગ્રામ વાટીકા વાવેતર, અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર અને નર્સરીમાં ટોલ સીડલીંગ તૈયાર કરવાનો સમાવેશ થાય છે.

યોજનાના સફળ અમલીકરણ માટે વિવિધ લક્ષ્યાંક નક્કી કરાયા છે. જેમાં હરીત વન પથ વાવેતર મોડલ હેઠળ રાજ્યમાં ૭૦ હેક્ટર વિસ્તારમાં ટ્રી ગાર્ડ સાથે રોપાનું વાવેતર, પંચરત્ન ગ્રામ વાટીકા વાવેતર મોડલ હેઠળ રાજ્યમાં ૧

હજાર ગામડાંઓમાં ગામ દીઠ ૫૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર,અમૃત સરોવર ફરતે પંચરત્ન વાવેતર મોડલ હેઠળ રાજ્યના ૬૫ અમૃત સરોવર ફરતે અમૃત સરોવર દીઠ ૨૦૦ રોપાનું ટ્રી ગાર્ડ સાથે વાવેતર કરવામાં આવશે. આ નવીન અભિયાનમાં પર્યાવરણ પ્રેમી નાગરિકોને સહભાગી થવા વન વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# SC NEET UG

સર્વોચ્ચ અદાલતે NEET UG 2024 કેસની સુનાવણી 18 જુલાઇ પર મુલતવી રાખી છે... સીબીઆઇએ આ મુદ્દે તેનો સ્ટેટસ રિપોર્ટ રજૂ ન કર્યો હોવાથી મુખ્ય ન્યાયમૂર્તિ ડી. વાય ચંદ્રચૂડની બનેલી બેન્ચે સુનાવણી મોકૂફ રાખી હતી.

બેન્ચે જણાવ્યું હતું કે,કેન્દ્ર સરકાર અને રાષ્ટ્રીય તપાસ સંસ્થા-NTAએ અદાલતનાં 8 જુલાઇનાં આદેશને અનુરુપ સોંગદનામા રજૂ કર્યા છે. જો કે કેટલાંક ફરિયાદીઓ વતી હાજર રહેલા વકીલોને એ સોગંદનામા હજુ મળ્યા નથી.

સર્વોચ્ચ અદાલત આજે વિવાદાસ્પદ NEET-UG 2024 મેડિકલ પ્રવેશ પરીક્ષાને લગતી શ્રેણીબદ્ધ અરજીઓની સુનાવણી કરવાની હતી, જેમાં 5 મેનાં રોજ પરીક્ષા દરમિયાન ગેરરીતિઓનો આક્ષેપ કરતી અને ફરીથી પરીક્ષાની માંગણી કરતી અરજીઓનો સમાવેશ થાય છે. બુધવારે રજૂ કરવામાં આવેલા સોગંદનામામાં કેન્દ્રએ જણાવ્યું હતું કે,શિક્ષણ મંત્રાલયે IIT મદ્રાસને NEET-UG પરિણામોના વ્યાપક ડેટાનું વિશ્લેષણ કરવા વિનંતી કરી હતી અગાઉ સોમવારે અદાલતે કહ્યું હતું કે, NEET-UG 2024ની પ્રામાણિકતા સાથે ચેડાં થયા છે

# RAJKOT- DURGHATNA UPDATE

રાજકોટ અગ્નિકાંડ દુર્ઘટના મામલે ટીઆરપી ગેમ ઝોનની જમીનની શરત ભંગ બદલ જમીનના ત્રણ માલિકોને 26 લાખ 21 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે. નાના માવા રોડ પાસે બનાવવામાં આવેલ ટીઆરપી ગેમ ઝોનની જમીનના હેતુની, કલેકટર તંત્ર દ્વારા તપાસ કરાતા આ જમીનનો રહેણાંકને બદલે વ્યવસાયિક હેતુની પ્રવૃત્તિઓ માટે ઉપયોગ થઈ રહ્યો હોવાનું સામે આવ્યું હતું. શરત ભંગને પરિણામે જમીન માલિકોને આ દંડ ફટકારવામાં આવ્યો છે.

# C.UDEPUR- VIKAS KAM

છોટાઉદેપુર નગરપાલિકા ખાતે આજે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અમૃતના બીજા તબક્કા અંતર્ગત અંદાજે ૩૧૭.૨૮ લાખ રૂપિયાના ખર્ચે વિવિધ વિકાસકામોનું લોકાર્પણ કરવામાં આવ્યું. લોકસભાના સાંસદ જશુભાઈ રાઠવા,તેમજ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાની ઉપસ્થિતિમાં નગરના જુદા જુદા વિસ્તારમાં આર.સી.સી રોડ,પેવર બ્લોક,વરસાદી ચેનલ,નવી સ્ટ્રીટ લાઈટ,ગાર્ડન ડેવલોપમેન્ટ સહિતના અનેક વિકાસકામોનું ખાતમુહૂર્ત અને હાઈપ્રેશર મીની ફાયર ટેન્કર અને રેસ્ક્યુ બોટ તેમજ રેસ્ક્યુના વિવિધ સાધનોનું લોકાર્પણ કરવામાં આવ્યું.

# KHEDUT- DIVELA PAK

વરસાદ પડતાની સાથે જ રાજ્યભરમાં ખેડૂતો દ્વારા દિવેલા પાકોની વાવણી કરવામાં આવી રહી છે. ત્યારે રાજ્યમાં ખેતી નિયામકની કચેરી દ્વારા દિવેલના પાકોમાં રોગ અને જીવાતના વ્યવસ્થાપન માટે વાવણી સમયે લેવાના કેટલાક અગત્યના પગલાંઓ જાહેર કરવામાં આવ્યા છે.

યાદીમાં જણાવ્યા મુજબ, દિવેલના પાકોના વાવેતર સમયે છાણિયા અને સેન્દ્રિય ખાતરનો ઉપયોગ કરવો અથવા લીલો પડવાશ કરી શકાય. દિવેલના પાકમાં સુકારાના અસરકારક નિયંત્રણ માટે મકાઈ, જુવાર, બાજરી અથવા ઘઉંની ફેરબદલી કરવી આવશ્યક છે. દિવેલાના પાકમાં જીવાતોનો ઉપદ્રવ કાબૂમાં રાખવા  કઠોળ વર્ગના પાકોને આંતરપાક તરીકે લેવા સૂચના આપવામાં આવી છે.

## RAJKOT- SATAM/ AATHAM MELO

રાજકોટ ખાતે સાતમ આઠમના તહેવાર દરમિયાન યોજાતા લોકમેળામાં આ વર્ષે ત્રી- સ્તરીય સુરક્ષા ઉભી કરવામાં આવશે. મેળામાં સ્ટોલ અને રાઇડ્સમાં 30 ટકાનો ઘટાડો કરવામાં આવશે. આ વિશે કલેક્ટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે, સીસીટીવી કેમેરા અને ડ્રોનની મદદથી મેળા પર નજર રાખવામાં આવશે.

### (બાઈટ- પ્રભવ જોષી-કલેકટર-રાજકોટ)

## WEATHER

આજે સવાર સુધીમાં રાજ્યમાં મોસમનાં કુલ સરેરાશ વરસાદનો 25 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર, ગાંધીનગરની યાદી પ્રમાણે મોસમના સરેરાશ વરસાદની ટકાવારીની રીતે સૌથી વધુ 35.44 ટકા વરસાદ સૌરાષ્ટ્ર ઝોનમાં નોંધાયો છે. કચ્છ ઝોનમાં 34.87 ટકા વરસાદ નોંધાયો છે.

દક્ષિણ ગુજરાત ઝોનમાં 27.25 ટકા, ઉત્તર ગુજરાત ઝોનમાં 18 ટકા, પૂર્વ અને મધ્ય ગુજરાત ઝોનમાં 16.39 ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લા પ્રમાણે જોઇએ તો, સૌથી વધુ 56 ટકા વરસાદ દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અને 54 ટકા વરસાદ જુનાગઢ જિલ્લામાં નોંધાયો છે, જ્યારે સૌથી ઓછો 12 ટકા વરસાદ દાહોદ અને અરવલ્લી જિલ્લામાં નોંધાયો છે. આણંદ જિલ્લામાં 13 ટકા વરસાદ નોંધાયો છે.

મોરબી, પોરબંદર અને ભાવનગર, જિલ્લામાં 35 ટકાથી વધુ વરસાદ પડ્યો છે. અમદાવાદ જિલ્લામાં 19.44 ટકા વરસાદ નોંધાયો છે.

આજે સવારે છ વાગ્યાથી સાંજનાં  છ વાગ્યા સુધી સુરત જિલ્લાના કામરેજમાં સાડા ત્રણ ઇંચ, આણંદ જિલ્લાનાં બોરસદ તાલુકામાં ત્રણ ઇંચ વરસાદ પડ્યો હતો. ઉપલેટા, ધંધુકા, ખંભાત, જલાલપોર તાલુકા સુરત શહેરમાં બે ઇંચ વરસાદ નોંધાયો હતો.

# VASHVA VASTI DIVAS

સમગ્ર વિશ્વમાં વધતી જતી વસ્તીને જાગૃત કરવાના ઉદેશ્ય સાથે આજે 11 જુલાઈના વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવે છે. રાજ્યમાં અનેક સ્થળોએ વિવિધ જાગૃતિ કાર્યક્રમો દ્વારા આ દિવસની ઉજવણી કરવામાં આવી.

દાહોદમાં આરોગ્ય કર્મચારીઓ દ્વારા "વિકસિત ભારતની નવી પહેચાન - કુટુંબ નિયોજન દરેક દંપતીની શાન" આ થીમ અંતર્ગત વિવિધ જગ્યાએ જૂથ ચર્ચા,માઈક પ્રચાર તેમજ રેલી થકી ઉજવણી કરાઈ.

દરમિયાન, મહેસાણાના ખેરાલુ તાલુકાના ચોટીયા ગામ ખાતે રેલી દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી.

અરવલ્લી જિલ્લામાં તમામ તાલુકાનાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, શહેરી આરોગ્ય કેન્દ્રો,સામુહિક આરોગ્ય કેન્દ્રો તેમજ સબ ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં બેનર,પોસ્ટર દ્વારા તેમજ રેલી,રોડ- શો યોજી જનજાગૃતિનાં પ્રયત્નો હાથ ધરવામાં આવ્યા.

# GUJ. HASTKALA VECHAN

હાથશાળ અને હસ્તકલા ઉત્પાદનો માટે દેશ વિદેશમાં પ્રસિદ્ધ ગરવી ગુર્જરીએ 25 કરોડ રૂપિયાથી વધુનું વેચાણ કર્યું છે, જે છેલ્લાં 50 વર્ષમાં સૌથી વધુ અને ગયા વર્ષ કરતાં બમણું છે.રાજ્ય સરકારના સાહસ 'ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ'દ્વારા સંચાલિત ગરવી-ગુર્જરીનાં સ્ટોલ રાજ્યના અનેક સ્થળોએ અને દેશના ઘણા રાજ્યોમાં આવેલા છે.

નિગમ સાથે જોડાયેલા લગભગ 7 હજાર 200 કારીગરો પાસેથી 19.21 કરોડ રૂપિયાનાં ઉત્પાદનોની ખરીદી કરીને નિગમનાં વેચાણ કેન્દ્રો થકી 13 કરોડ રૂપિયાનું વેચાણ કરવામાં આવ્યું. આ ઉપરાંત મેળા અને પ્રદર્શનો દ્વારા 12 કરોડ રૂપિયાથી વધુનું વેચાણ કરવામાં આવ્યું.

આ સિદ્ધિ અંગે નિગમના વહીવટી સંચાલક લલિત નારાયણ સિંહ સાંદુએ જણાવ્યું કે આ મહત્વની સફળતા પાછળ વાઇબ્રન્ટ ગુજરાત સમિટનો નોંધપાત્ર ફાળો છે. સમિટ દરમિયાન દેશ-વિદેશના અનેક અતિથિઓ ગુજરાત આવ્યા અને તેમણે મોટી સંખ્યામાં ગરવી-ગુર્જરી સ્ટૉલ્સની મુલાકાત લઇને હસ્તકલાની કલાકૃતિઓની ખરીદી કરી હતી.

રાજ્યના અંતરિયાળ ગામોમાં વસતાં કારીગરોએ ગુજરાતના ભવ્ય અને ભાતીગળ હાથશાળ-હસ્તકલાના વંશપરંપરાગત વારસાને જીવંત રાખ્યો છે. ગુર્જરીનાં વિક્રમ વેચાણમાં આ કારીગરોની મોટી ભૂમિકા છે.

ઉલ્લેખનીય છે કે રાજ્યમાં હસ્તકલા અને હાથશાળની આગવી ઓળખ પ્રસ્થાપિત કરવા છેલ્લાં 50 વર્ષથી ગુજરાત રાજ્ય હાથશાળ અને હસ્તકલા વિકાસ નિગમ કાર્યરત છે.

# NEWS IN BRIF

## અને હવે સાંભળીએ કેટલાક સમાચારો સંક્ષિપ્તમાં....

- દાહોદમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે નવા પાક ખારેકની ખેતી વિષે ખેડૂત પરિસંવાદ યોજાયો...
- ભાવનગરમાં માતાઓ અને 5 વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે 'સ્ટોપ ડાયેરિયા ઝુંબેશ' નો પ્રારંભ કરાયો..
- સાબરકાંઠા જિલ્લાનાં તલોદ ખાતે "અર્બન હોર્ટીકલ્ચર ડેવલપમેન્ટ" અંતર્ગત તાલીમ યોજાઇ હતી.
- પંચમહાલ જિલ્લામાં કરુણા એમ્બ્યુલન્સ સેવા દ્વારા ગત માસમાં 123 જેટલા પશુ પક્ષીઓને સારવાર આપવામાં આવી.
- સુરેન્દ્રનગર જીલ્લાની સુરસાગર ડેરીના ડિરેક્ટરોની આગામી 29મી જુલાઇના રોજ ચૂંટણી યોજાશે અને 30 જુલાઇના રોજ મતગણતરી થશે.